આકાશવાણી, અમદાવાદ

23-05-2025 Midday: 2.30 to 2.35 pm

Friday Regional News

## CM ADVENTURE FEST

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહેસાણા અને સાબરકાંઠાની સરહદ પર ધરોઈ બંધ ખાતે દેશના સૌથી લાંબા તેમજ રાજ્યના પ્રથમ 'ધરોઈ એડવેન્ચર ફેસ્ટ'નો શુભારંભ કરાવ્યો. તેમણે એડવેન્ચર ઝોનનું પણ ઉદઘાટન કર્યુ હતું. આ પ્રસંગે શ્રી પટેલે સ્પીડ બોટ રાઈડનો આનંદ પણ માણ્યો હતો. તેમણે પ્રવાસન મંત્રી મૂળુભાઈ બેરા સાથે એડવેન્ચર ઍક્ટિવિટી સ્થળની મુલાકાત લીધી. 45 દિવસ સુધી ચાલનારા આ ફેસ્ટમાં પાવર બોટ,પેરાસેઈલિંગ, રોક ક્લાઈમિંગ, બોલ્ડરિંગ, એડવેન્ચર એક્ટિવિટીઝ આકર્ષણ જમાવશે.

. . . . . . . . . . .

## CM DELHI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજથી ત્રણ દિવસ દિલ્હીની મુલાકાતે રહેશે. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, શ્રી પટેલ આવતિકાલે યોજાનારી નીતિ આયોગની બેઠકમાં ઉપસ્થિત રહેશે. તેમાં તેઓ રાજ્યના વિકાસકામ તેમજ ગુડ ગવર્નન્સ સંબંધિત મુદ્દાઓની પ્રસ્તૂતિ કરશે.

મુલાકાત દરમિયાન શ્રી પટેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા સાથે પણ મહત્વની બેઠક કરશે. ઉપરાંત તેઓ ભાજપશાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓની યોજાનારી બેઠકમાં પણ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . .

## MEHSANA DEATH

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સુંદરપુરા ગામમાં દીવાલ પડતાં 3 લોકોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે મકાનનું કામ ચાલી રહ્યું હતું, દરમિયાન જૂની દીવાલ ધરાશાયી થતા 6 લોકો દટાયા હતા. જેમાંથી 3 લોકોએ જીવ ગુમાવ્યા હતા જ્યારે એક વ્યકિત ઈજાગ્રસ્ત થતાં તેમને હોસ્પિટલમાં ખસેડાયા છે.

. . . . . . . . . . .

## JAMNAGAR TIRANGA YATRA

જામનગરમાં આજે યોજાયેલી ત્રિરંગા યાત્રામાં સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય, મેયર સહિતના અગ્રણીઓ તેમજ પૂર્વ જવાનો જોડાયા હતા. સરદાર પટેલ ચોક રણજિત નગરથી શરૂ થયેલી યાત્રા વિરામ રણમલ તળાવ પાસેના શહીદ સ્મારક ખાતે પૂર્ણ થઈ હતી. યાત્રામાં જોડાયેલાં સાંસદ પૂનમબેન માડમે પોતાની પ્રતિક્રિયા આપી હતી.

## BHAVNAGAR JAVAN SHAHID

છત્તીસગઢમાં નક્સલવાદી હુમલામાં ભાવનગર જિલ્લાના જવાન મેહુલ નંદાભાઈ સોલંકી શહીદ થયા છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, શહીદ થનારા જવાન મેહુલ સોલંકી સિહોર તાલુકાના દેવગાણા ગામના વતની હતા. તેઓ છત્તીસગઢના વિજાપુર તુમરેલ વિસ્તારમાં કેન્દ્રીય અનામત પોલીસ દળ- CRPF બ્લૅક કૉબ્રા કમાન્ડોમાં ફરજ બજાવી રહ્યા હતા. દરમિયાન નક્સલવાદી હુમલામાં થતાં તેઓ શહીદ થયા. શહીદ જવાનના પાર્થિવ દેહને તેમના વતન પરત લાવવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

. . . . . . . . . . .

## GANDHINAGAR CIVIL

કોરોનાના કેસને લઈને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં 20 પથારીવાળો કોરોના વોર્ડ તૈયાર કરાયો છે. ઉપરાંત વેન્ટિલેટર, ઓક્સિજન, PPE કીટ, માસ્ક, અને જરૂરી દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાયો છે. તબીબી અધિક્ષક ડોક્ટર મિતા પરીખે જણાવ્યું હતું કે દરરોજના 5 ટેસ્ટ કરાય છે, હજુ કોરોનાનો એક પણ પોઝિટિવ કેસ સામે આવ્યો નથી.

. . . . . . . . . .

## PUSTAK VITRAN

અમદાવાદની શાહપુર શિક્ષણ વિસ્તાર સમિતિના ઉપક્રમે જૂના શાહપુર વૉર્ડના રથયાત્રા માર્ગ પર આવેલી પોળો અને ચાલીઓમાં રહેતા બાળકોને પુસ્તકનું વિતરણ કરાયું. જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજી મહારાજના હસ્તે એક હજાર જેટલા વિદ્યાર્થીઓને જ્ઞાનપોથીનું વિતરણ કરાયું. દરમિયાન અમદાવાદ સ્કૂલબૉર્ડના પૂર્વ અધ્યક્ષ અને ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપ-કુલપતિ ડૉક્ટર જગદીશ ભાવસારે આ સેવાકીય કાર્યને બિરદાવ્યું હતું.

. . . . . . . . . . .

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. આ માસિક રેડિઓ કાર્યક્રમની 122-મી કડી હશે. લોકો પોતાના વિચાર અને મંતવ્ય ટૉલ-ફ્રી નંબર 1800-11-7800, નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા માય G.O.V. ઑપન ફૉરમના માધ્યમથી મોકલી શકે છે. મંતવ્ય અને વિચાર સ્વીકારવાનો આજે અંતિમ દિવસ છે.

. . . . . . . . . . . . . .